**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

**ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ**

**પ્રશ્નપત્ર - ૧**

**(સમય : સવારે ૯ થી૧૨)** **રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩** **કુલ ગુણ : ૧૦૦**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

**(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વરતાલ : ૩, ૫, ૧૧ ગ. અં. : ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કેવાં પંચવિષયને સેવવે કરીને બુદ્ધિમાં પ્રકાશ થાય છે ? (લોયા૬/૨૬૭)

જ. ભગવાન સંબંધી જે પંચવિષય તેને સેવવે કરીને બુદ્ધિમાં પ્રકાશ થાય છે.

૨. ચાર પ્રકારના મોટાપુરુષ કયા છે ? (વર.૩/૫૦૧)

જ. ચાર પ્રકારના મોટાપુરુષ (૧) દીવા જેવા (૨) મશાલ જેવા (૩) વીજળી જેવા (૪) વડવાનળ અગ્નિ જેવા.

૩. સત્પુરુષમાં દૃઢ પ્રીતિનું ફળ શું ? (વર.૧૧/૫૧૬-૫૧૭)

જ. સત્પુરુષમાં દૃઢ પ્રીતિનું ફળ આત્મ દર્શન થાય, સત્પુરુષનો મહિમા જણાય અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન પણ થાય.

૪. દેશકાળાદિકનું વિષમપણું થવા છતાં કોની મતિ અવળી થાય નહીં ? (લો.૧૭/૩૦૮)

જ. જેને દેહનો અનાદર, દૃઢ આત્મનિષ્ઠા, પંચવિષયમાં વૈરાગ્ય હોય અને ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય તેને દેશકાળાદિકનું વિષમપણું થવા છતાં તેની મતિ અવળી થાય નહીં.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. ઉત્તમનિર્વિકલ્પ નિશ્ચયનું લક્ષણ શું છે ? (લો.૧૨/૨૯૨)

જ. અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયનું લક્ષણ છે.

૨. ગ.અં. ૨૧ પ્રમાણે મહારાજનો કેવો નિશ્ચય છે ? (અં.૨૧/૫૮૭)

જ. જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહીં. એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે તો સગાવહાલા છે ને તે જ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળા જ રહેવું છે ને શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે એમ અમારો નિશ્ચય છે. અને તમારે પણ એમ જ એવો નિશ્ચય રાખવો જોઈએ.

૩. સત્સંગમાં દૃઢ પાયો કોનો થાય અને કોનો ન થાય ? (લો.૫/૨૬૧)

જ. જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઇત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે, અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી.

૪. સરખી સેવાની રીત અને તેનું ફળ જણાવો. (વર.૫/૫૦૬)

જ. ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **વિશલ્યકરણી ઔષધિ (અં.૩૯/૬૩૧) દૃષ્ટાંત :** જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રને પિવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યાં હતાં તે સર્વે એની મેળે દેહથી બાહેર નીકળી ગયાં, તેમ જેને આ બે વાત મનમાં લાગી ગઈ હોય તેને ઈન્દ્રિયોને વિષયભોગની ઈચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વ નીકળી જાય, કહેતાં વિષયભોગમાંથી એની ઇન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે. અને સત્સંગી પણ એને જ કહીએ. **સિદ્ધાંત :** જીવે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન સિદ્ધ કરવું જોઈએ. જેણે કરીને ઈન્દ્રિયોને વિષયભોગની ઈચ્છા રહી છે એ સર્વ શલ્ય નીકળી જાય છે અને વિષયભોગમાંથી ઈન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં જ વળગે છે.

૨. **ઘોડેસવાર (અં.૯/૫૬૦-૫૬૧) દૃષ્ટાંત :** જેમ કોઈ પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાના પેંગડામાં પગ હોય ત્યાં પણ સૂરત રાખે અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સૂરત રાખે. અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે ત્યાં પણ સૂરત રાખે. એવી રીતે આ સર્વ સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી.' **સિદ્ધાંત :** ઘોડેસવાર જેમ ઘોડો ચલાવતી વખતે બધી જ જગ્યાએ ધ્યાન રાખે છે. તેમ આ સર્વ સાધુ બધી ક્રિયા કરતાં થકા અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવા કરે છે. અને પોતાની જે સ્થિતિ તેમાંથી ડગતા નથી.

૩. **પર્વતના દૃષ્ટાંતે જીવનો નાશ (વર.૧૧/૫૧૫) દૃષ્ટાંત :** એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશય બીએ છે જે, 'રખે એમનો દ્રોહ થઈ જાય નહીં !' અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહીં, અને એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે. પર્વતનું કે બીજું એવું જ જે કોઈક જડ દેહ આવે તેમાં કોઈ કાળે જીવનું કલ્યાણ થાય નહીં, એટલે એના જીવનો નાશ થઈ ગયો એમ જાણવું. **સિદ્ધાંત :** જીવ ક્યારે નાશ પામતો નથી. પણ ઉપર કહ્યા તેવા ચારનો દ્રોહ કરે તો તે જીવ જડ જેવી યોનીમાં દેહ ધારણ કરે છે. કે જેમાંથી ક્યારેય છૂટાય નહિ. જડ યોની કઈ તો પર્વતનું કે બીજું એવું જ કોઈ દેહ આવે જેણે કરીને ક્યારેય તેનું કલ્યાણ થાય જ નહિ.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

**૧. પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ હરિભક્તોના પત્રો વાંચવા કે લખવા તેને ભક્તિ માને છે. (અં.૨૧/૫૮૪-૫૮૫)**

**સંદર્ભ :** ધર્મ તો બે પ્રકારનો છે : એક નિવૃત્તિધર્મ છે ને બીજો પ્રવૃત્તિધર્મ છે. તે એ બે પ્રકારનો ધર્મ તે ભગવાનના સંબંધે સહિત પણ છે ને ભગવાનના સંબંધે રહિત પણ છે. તેમાં ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે તો નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહ્‌લાદ, અંબરીષ એ આદિક જે ભક્તજન છે તેનો છે, અને એ ધર્મને જ ભાગવત ધર્મ કહે છે તથા એકાંતિક ધર્મ કહે છે ને તે ધર્મ ને ભક્તિ તો બે નથી, એક જ છે.

**સમજૂતિ :** પ્રમુખ સ્વામી વનમાં જેવા નિર્બંધ રહી શકે છે. તેવા જ લાખો માણસના ભીડામાં પણ નિર્બંધ જ રહે છે. હરિભક્તોના પત્રોના વાચવા અને લખવાની ક્રિયા પણ ભગવાનના સંબંધે સહિત કરે છે. માટે પત્રો વાંચવા અને લખવાને પણ તેઓ ભક્તિ માને છે.

**૨. દાદાખાચરે શ્રીજીમહારાજના કહેવા છતાં પણ બાઈનું માથું તલવારથી ન ઉડાડ્યું. (લો.૬/૨૬૬)**

**સંદર્ભ :** અમે કોઈક વચન કહીએ ને તેમાં જો અધર્મ જેવું હોય તો તેને વિષે ચિરકારી થવું, કહેતાં તેમાં ઘણીક વાર લગાડવી પણ તુરત માનવું નહીં. જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે, 'અશ્વત્થામાનું માથું કાપી નાંખો.' પછી તે વચન અર્જુને ન માન્યું, તેમ એવી રીતનું જે વચન તેમાં અમે રાજી થતા હોઈએ તો પણ ન માનવું.

**સમજૂતિ :** મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે 'ઘણું ફળ મળતું હોય તો પણ ધર્મે રહિત કાર્ય ન જ કરવું. કારણ ધર્મ જ સર્વ પુરુષાર્થ આપનારો છે. ધર્મ રહિત ભગવાનની ભક્તિ કોઈ પ્રકારે ન કરવી. ધર્મે સહિત જ કરવી. એ સર્વ સત્ શાસ્ત્રનું રહસ્ય છે.' કોઈનું પણ માથું કાપી નાખવું તે અધર્મ કહેવાય માટે શ્રીજીમહારાજની આજ્ઞા હોવા છતાં દાદાખાચરે તે આજ્ઞા ન પાળી, તે બાઈ શ્રીજીમહારાજનું ભજન કરતી હતી તેને કેમ મરાય ?

**૩. જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે, જેને જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે. (અં.૩૮/૬૨૭-૬૨૮) સંદર્ભ :** એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહીં, માટે જેને સુખ ઇચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.

**સમજૂતિ :** જેને આલોક અને પરલોકમાં સુખિયા થવું હોય તો આ છો વાનાં છોડવા પડે. નિષ્કુળાનંદ સ્વામી પણ ચોસઠ પદીમાં કહ્યું : 'કામ, લોભ અને રસાસ્વાદ માણસની ફજેતી કરાવે છે. માટે જે તેને છોડે છે. તે જ સુખિયો થાય છે.

**૪. तव दासस्य दासानां शतसङ्ख्योत्तरस्य वा। दासीत्वे नाधिकारोऽस्ति कुतः साक्षात्तवैव हि ॥**

કે'તાં તમારા દાસના દાસના દાસ.. ૧૦૦થી વધુ દાસની દાસી થવાનો પણ મને અધિકાર નથી. (પાત્રતા નથી) એવું શબરી રામચંદ્ર ભગવાનને કહે છે. **(અં.૨૬/૫૯૯) સંદર્ભ :** ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે, ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે, અને ધર્મમાં દૃઢ રહ્યો હોય, અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય, અને આવી રીતનો પોતે હોય તો પણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે, અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહીં, એવો જે હોય તે અમને બહુ ગમે.

**સમજૂતિ :** જે ભગવાનનો મહિમા યથાર્થ જાણે છે. તે તેમના ભક્તનો મહિમા પણ જાણે છે. ભગવાન અને ભગવાનના ભક્ત આગળ પોતે પોતાને અતિ તુચ્છ સમજે છે. કેવા તુચ્છ તો સમુદ્ર આગળ પોતે ટીપુડી હોય તેવા તુચ્છ સમજે છે. અહીં શબરી પણ ભગવાન રામને એ જ કહેવા માગે છે.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. (ગ.અં.૭/૫૫૭)

૨ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઇંદ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચવર્તમાનમાં જ દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. (ગ.અં.૨૬/૫૯૭)

૩. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ. (ગ.અં.૧૬/૫૭૮)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, નવી આવૃત્તિના આધારે**

**અભ્યાસક્રમના ઉદ્ગીથ : ભાગ-૪ : ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩ ૨૪, ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫, પરિશિષ્ટ-૧**

**નોંધ :(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્નનંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. વરતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા**

૧. આ.સં. ૧૮૮૧, કાર્તિક સુદ-૧૨ વરતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા - મહારાજે દરેક મૂર્તિઓનું પૂજન - મૂર્તિઓમાં દિવ્યતાનો સંચાર - શોભાયાત્રા. ૫/૧૨-૧૪

૨. ભારતીય સંસ્કૃતિનું બીજ ભાગવત ધર્મમાં છે. ૫/૧૪

૩. જીવની બુદ્ધિ નાની અને અમારું સ્વરૂપ મોટું. ૫/૧૪

૪. મહારાજ સુરત પધારે તો જ અમે સમાધાન કરીએ. ૫/૧૫-૧૬

૫. નારાયણ અને નરની મૂર્તિઓ બુરાનપુર અને નિમાડ જાય છે. ૫/૧૬-૧૭

૬. આજે લક્ષ્મીનારાયણ દેવને સાદા પોષાક ધરાવજો. ૫/૧૭

૭. વહેવાર પ્રમાણે વર્તવું જોઈએ. મહારાજનો સંકલ્પ - લક્ષ્મીજીને તેમના તપનું ફળ આપવું. ૫/૧૭-૧૮

૮. બ્રહ્મચર્ય ધર્મ રહેશે તો ભક્તિની સિદ્ધિ થશે. ૫/૧૮

૯. ગોમતીજીની સ્થાપના. ૫/૧૯

**૨. દાદાખાચરની સમર્પણ નિષ્ઠા**

૧. અમારી નબળાઈ તરફ ન જોતાં અમને આશીર્વાદ આપો. જેથી આપની રુચિ અનુસાર વર્તવાનું બળ મળે - પાંચુબા ધામમાં પધાર્યા ત્યારે રોવાનો અવાજ સાંભળી મહારાજે કહ્યું ઉપદેશ એળે ગયો ત્યારે. ૪/૧૭૭-૧૭૮

૨. આપ આજ્ઞા કરશો તો તેમને માટે નવાં ઘર કરાવી દઈશું - ગોપી ભટ્ટ ગઢપુર આવીને રહે તેમના માટે વ્યવસ્થા - શ્રીજીમહારાજની રૂચિમાં દાદાખાચરે તમામ ભાર પોતાના શિરે લીધો. ૪/૧૮૩

૩. મહારાજે બોલાવતા અડધી હજામતે ગયા - અમારી અનુવૃત્તિને આધિન થવાની તત્પરતા. ૪/૧૯૨-૧૯૩

૪. એમણે તો આપને જ અંતરમાં રાખ્યા છે, આપના વચને ઊભા સુકાય છે. ૪/૧૯૪

૫. રાજ્ય ઉપર આવેલી આફત અવગણીને, લોકની દૃષ્ટિએ પોતાની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડીને મહારાજની આજ્ઞા થવાથી ગઢડા છોડી સારંગપુર ગયા - ઉપદ્રવ શમતાં મહારાજે પાછા બોલાવ્યા ત્યારે આવ્યાં. ૪/૧૯૫,૧૯૭

૬. ગમે એટલું દામ બેસે પણ કેરીનાં ગાડાં મંગાવો. સંતોને રસ જમાડવાની મહારાજની ઇચ્છા છે. ૪/૪૫૪

૭. શ્રીજીમહારાજ કહેતાં કે દાદાની સમર્પણભાવનાનાં મૂલ્ય તો હજી અણચૂકવ્યાં જ રહ્યાં છે. ૪/૪૫૫
૮. બુઢ્ઢા ધાધલ જેવા નમાલા માણસના શબ્દોમાં વિશ્વાસ આવ્યો - વસ્તા ખાચરને સમજાવતાં છતી થતી સમર્પણની ભાવના ૪/૪૬૧-૪૬૨
૯. અમારી છાયામાં ઢંકાઈને પોતાનું અસ્તિત્વ જ ભૂલી ગયા છે. - તેમનું આ ઋણ અમે ક્યારે ચૂકવી શકીશું - મહારાજ ગઢડા મંદિરના નિમાર્ણ સમયે - દાદાની તોલે આજે સત્સંગમાં કોઈ ન આવે. ૫/૨૬૨-૨૬૩
૧૧. આ દાદાએ તેમનો આખો દરબાર ગઢ, ગાડાં, બળદ, માણસો બધું મંદિરની સેવામાં મૂકી દીધું છે - મહારાજ સુરાખાચરને. ૫/૨૬૨-૨૬૩
૧૨. ઠાકોરજીના વાઘા માટે ભાવનગરથી મખમલના તાકા, સુવર્ણના તારની જરી મંગાવ્યા, કારીગરો બોલાવ્યા - પોતાના આભૂષણો ભંગાવી ઠાકોરજીના આભૂષણોની વ્યવસ્થા કરી. ૫/૨૭૨
૧૩. પ્રતિષ્ઠાની આરતી સમયે જ મહારાજની આજ્ઞા પ્રમાણે તેમની સાથે ગઢડા છોડી કારિયાણી જતા રહ્યા. ૫/૨૭૬
૧૪. રાજકોટમાં માલ્કમ સાહેબને મળવા ગયા ત્યારે રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદ માટે કિંમતી વસ્ત્રો અને આભૂષણો સાથે લીધાં. ૫/૩૮૧
૧૫. ફૂલદોલના ઉત્સવ પર સર્વને બોલાવવા મહારાજે કરેલી વિનંતી - મહારાજે પાડેલી ના. ૫/૩૯૭-૩૯૮
૧૬. મહારાજે મંદવાડ મૂકીને સભામાં ચાલતા પધાર્યા ત્યારે ત્યારે દાદાખાચરે નગારાં વગડાવ્યા ૫/૪૧૭-૪૧૮
૧૭. મહારાજની ચિતામાં અગ્નિ પ્રગટાવ્યો ત્યારે દાદાખાચર ચિતામાં પડવા દોડે છે. ૫/૪૩૫

**૩. લોયામાં શાકોત્સવલીલા**

૧. સુરાખાચરનો આપત્કાળ ૪/૨૩૮-૨૪૦
૨. મહારાજ લોયામાં ૪/૨૪૨
૩. શાકોત્સવની પરંપરા ૪/૨૪૯-૨૫૦
૪. અઢાર મણ ઘીનો વઘાર ૪/૨૫૦-૨૫૧
૫. જેને સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ નથી, તે સત્સંગ બહાર જ છે. ૪/૨૫૧
૬. અમને તમારા જેવી રસોઈ બનાવતાં ન આવડે. - સંતો તો આપણું ઘર કહેવાય. ૪/૨૫૨

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. પંચાળામાં 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે.' એ શબ્દના પડઘા**

૧. જુઓ આ અમારા તિલક - મહારાજ 'હું જેવો ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' ૪/૨૭૯
૨. અક્ષર અહીં નથી દેખાતું ? ૪/૩૭૭
૩. આવા સાધુ પાછળ લાખો મનુષ્યો ફરશે ત્યારે સત્સંગ યથાર્થ થયો ગણાશે. - શ્રીજીમહારાજ. ૪/૩૮૭

**૨. શ્રીજીમહારાજે ગ્રહણ કરેલી ટૂંટિયાના રોગની મંદવાડ લીલાઓ**

૧. આ દેહ રહે તેવું લાગતું નથી. - બીજાને અમારી ક્રિયામાં મનુષ્યભાવ આવશે. ૪/૨૦૩-૨૦૪
૨. કામ બહુ મોટું છે ને શરીર હવે અર્ધું થઈ ગયું છે. - તો પછી આ ટૂંટિયાને કેમ પેસવા દીધું ? ૪/૨૦૪-૨૦૫
૩. અમારે સાલેમાળ ડુંગરામાં જવું છે - ૪/૨૦૬
૪. અમારામાં તમે અજ્ઞાન પરઠ્યું ? - ના મહારાજ ! આપનું જ્ઞાન પ્રગટ કર્યું. - રાબ પીવાથી તો ટૂંટિયું જલદી ભાગે. ૪/૨૦૬-૨૦૮

**૩. મુંબઈના ગવર્નરને શ્રીજીમહારાજને મળવાની તીવ્ર ઉત્કંઠા.**

૧. મુંબઈના ગર્વનર મહારાજને રાજકોટ પધારવા આમંત્રણ મોકલે છે. ૫/૩૬૮-૩૭૧
૨. મહારાજની તબિયત અસ્વસ્થ તેથી રાજકોટ નહીં આવે શકે તેવો જવાબ. ૫/૩૬૮
૩. અંગ્રેજ અધિકારીઓ દ્વારા શ્રીજીમહારાજની ખૂબ પ્રશંસા - તેથી સર માલ્કમની ઉત્સુકતા-અધીરાઈ વધી ગઈ. ૫/૩૬૮-૩૬૯
૪. પહેલા પત્રનો ઉત્તર આવ્યા વિના બીજો પત્ર લખાવ્યો. ૫/૩૬૯
૫. પહેલા પત્રના જવાબથી જ માલ્કમ સાહેબને અત્યંત નિરાશા-ઉદાસીનતા. ૫/૩૬૯

૬. અંગત કારકૂનને વિનંતી 'તમે મને સ્વામિનારાયણની મુલાકાત કરાવી આપો. ૫/૩૬૯
૭. માલ્કમના અંગત મંત્રીએ પણ પત્ર લખ્યો. ૫/૩૭૦
૮. શ્રીજીમહારાજે અંતર્યામીપણે માલ્કમની ઉદાસનીતા - આતુરતા (દિલગીરી) પિછાણી. ૫/૩૭૦
૯. ત્રીજો અને ચોથો પત્ર પણ આવી રહ્યો છે તે વાત જણાવી અને તૈયારી કરવાની આજ્ઞા. ૫/૩૭૧
૧૦. મહારાજ રાજકોટ જવા નીકળે છે. ૫/૩૭૧
૧૧. મોટા સાહેબને મળવાની ખૂબ તાણ છે. ૫/૩૭૪-૩૭૫
૧૨. સર જોન માલ્કમ મહારાજ જેવા મનમાંથી ઉતર્યા કે તરત જ હાથ પકડીને ગવર્નરના બંગલામાં લઈ ગયા. ૫/૩૮૪

**પ્ર.૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

**૧. સૌ સંત-હરિભક્તોએ દર વર્ષે એક માસ આંહીં આવી સ્વામીનો સમાગમ કરવો. (૫/૨૫૬)**

**પ્રસંગ :** મહારાજે સૌ સંતો, હરિભક્તોની સભા કરી. સૌને ઉદ્‌બોધન કરતાં મહારાજે કહ્યું : ''અહીં ઝીણાભાઈના આગ્રહથી જ આ મંદિર અમે કર્યું છે. તેમને ભાવ હતો કે અહીં મંદિર થાય તો સોરઠના તમામ સત્સંગીઓને પોષણ મળે. વળી, નવાબ સાહેબને પણ મંદિર પ્રત્યે મમત્વ છે. એટલે રાજ્યનો સહકાર પણ સારો મળશે. માટે હવે તમને બધાને સૌ સદ્‌ગુરુઓ, સંતો અને સમગ્ર સત્સંગના તમામ હરિભક્તોને આજે અમે એક વિશેષ આજ્ઞા કરીએ છીએ. આજે અમે નવાબ સાહેબને કહ્યું કે 'અમે અહીં અમારા જેવા જ સાધુ રાખી જઈએ છીએ.' નવાબ સાહેબને અમારા વચનમાં વિશ્વાસ છે એટલે તે તેથી રાજી થયા. તમો તો સૌ અમારા જ છો. માટે તમને સૌને અમે આજ્ઞા કરીએ છીએ કે આ મંદિરના મહંત સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી એ અમારા અક્ષરધામનો અવતાર છે. તેમનો સંબંધ જો મન, કર્મ વચને રાખજો. તો તમે સૌ બ્રહ્મરૂપ થઈ અક્ષરધામના અધિકારી થશો. માટે સૌ ત્યાગી સાધુ-બ્રહ્મચારી તથા સમગ્ર સત્સંગના સૌ હરિભક્તોએ અહીં જૂનાગઢ દર વર્ષે આવી, આ ગુણાતીતાનંદ સ્વામીનો એક માસ રહી સમાગમ કરવો. એટલું કહીને પછી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમારે તો આ ગુણાતીતાનંદ સ્વામી સાથે હેત છે અને તમે તો તેમને યથાર્થ ઓળખો છો. માટે તમારે પણ દર વરસે એક માસ અહીં આવીને રહેવું અને કદાચ એક વરસ ન અવાયું, તો બીજે વરસે આવીને એક સામટા બે માસ રોકાવું.

**મનન :** પરબ્રહ્મ જ અક્ષરબ્રહ્મની સાચી ઓળખાણ કરાવી શકે અને અક્ષરબ્રહ્મ જ પરબ્રહ્મની ઓળખ કરાવી શકે. મહારાજ છતાં ઘણા મહારાજના સ્વરૂપની સાચી ઓળખ કરી શક્યા ભગવાનની સાચી ઓળખ તો તેમના એકાંતિક ભક્તના સમાગમ થકી જ થાય. માટે મહારાજે સૌને દર વર્ષે એક માસ જૂનાગઢ જવાની આજ્ઞા કરી.

**૨. બિશપ હેબર સાથે મુલાકાત (૫/૯૫-૯૭) પ્રસંગ :** ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારાર્થે ભારતમાં આવેલા ખ્રિસ્તી ધર્મનું ક્યાં અને કેટલો પ્રસાર થશે. તેનો ક્યાસ કાઢતાં તેઓ વડોદરા આવ્યા. ત્યાં મિ. જેમ્સ વિલિયમ્સ થકી મહારાજના કાર્ય વિશેનો અહેવાલ મળતાં તેમને મહારાજને મળવાની ઈચ્છા થઈ. તેની પાછળની ભાવના મહારાજને ખ્રિસ્તી ધર્મમાં સામેલ કરી દઈએ તો આખા ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મ આપોઆપ પ્રસરી જાય. નડિયાદમાં મહારાજે મોકલેલા પાર્ષદો અને મિયાંજીએ તેમને મહારાજનો પ્રસાદીનો હાર અને પ્રસાદ આપી કહ્યું : 'ભગવાન સ્વામિનારાયણે તમને શુભેચ્છા પાઠવી.' પાર્ષદોમાં બધા હિંદુ સાથે એક મુસલમાન પણ તેમણે જોયો. એટલે પૂછ્યું: 'તમો બધા સ્વામિનારાયણના શિષ્યો છો ?' પાર્ષદોએ હા પાડતાં કહ્યું : 'ભગવાન સ્વામિનારાયણે હિંદુ અને મુસલમાન એવા ભેદ સ્વીકાર્યા નથી. સૌને પોતાના આશ્રિત બનાવ્યા છે. બીજે દિવસે અગિયાર વાગે નડિયાદમાં મળવાનું નક્કી કરી પાર્ષદો ત્યાંથી નીકળી ગયા. બીજે દિવસે મહારાજ બસો કાઠીઓ સાથે બિશપને મળવા ગયા. બિશપે મહારાજને આવવા આમંત્રણ આપ્યું. તેમાં મહારાજને બાઈબલ આપવાની ઈચ્છા હતી પણ તેની પાસે તેની પ્રત ન હતી. તે ઉપરાંત તેને મહારાજને મુંબઈ લઈ જઈને મિશનરી સોસાયટીનું કામ બતાવવાની પણ ઈચ્છા હતી પણ મહારાજનું વિચરણ ખૂબ જ હોવાથી તેનો મહારાજે સવિનય અસ્વીકાર કર્યો. બિશપ અને મહારાજ વચ્ચે

જે વાતો થઈ તેમાં તેમનો મહારાજને જીસસ ક્રાઈસ્ટનું સ્વરૂપ સમજાવવાનો આગ્રહ હતો. મહારાજે પોતે પરમાત્મા સંબંધી અને ઉપાસના સંબંધી જે વાત કરી તે બિશપ યથાર્થ સમજી શક્યા ન હતા. તેમણે મહારાજને પાન આપી હાથ ઉપર અને વસ્ત્રો ઉપર અત્તર છાંટ્યું. મહારાજે તેના પુસ્તકમાં હસ્તાક્ષર કરી આપ્યા. બિશપે પણ હસ્તાક્ષર આપ્યા.

**મનન :** મહારાજના વિચરણ અને કાર્યથી ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર મર્યાદિત રહ્યો. મહારાજે કોઈપણ ભેદભાવ વગર દરેક જ્ઞાતિ અને જાતિના લોકોને સ્વીકાર્યા હોવાથી બિશપના પ્રયત્નો ગુજરાતમાં સફળ ન રહ્યા. વિધર્મી અધિકારી પણ શ્રીજીમહારાજના કાર્યથી ખૂબ પ્રભાવિત થયા.

૩. **તમે ત્યાગના ધર્મનો મર્મ વિચાર્યો નથી. (૪/૪૫૦-૪૫૧) પ્રસંગ :** મહારાજ ધારુ તલાવડીએ બિરાજી વૈરાગ્યની વાતો કરતા હતા. ત્યાં નાગડા બાવાઓની જમાતે આવીને મહારાજને પ્રણામ કર્યા. મહારાજે સૌ સંતોને દૃષ્ટિ નિયમમાં રાખવાનું કહ્યું. પણ એક ગુણાતીતાનંદ સ્વામી સિવાય કોઈની દૃષ્ટિ નિયમમાં રહી નહિ. જમાતના એક બાવાએ ઊભા થઈ મહારાજને કહ્યું : ‘તમારું નામ સાંભળીને આવ્યા છીએ. તો પાકા સીધા અમને અપાવો. ત્યારે મહારાજે તેમને કહ્યું : ‘તમે સૌએ સંસારનો ત્યાગ કર્યો છે, પણ ત્યાગના ધર્મનો મર્મ વિચાયો નથી. જે ત્યાગી હોય તે અષ્ટ પ્રકારે સ્ત્રીનો સંબંધ ન રાખે, ધનનો સ્પર્શ ન કરે, રસકસવાળા પદાર્થો જમે નહીં. એવા જે હોય તે સાચા ત્યાગી કહેવાય. ઉઘાડા ફર્યે ત્યાગી થવાતું હોય તો કૂતરાં અને ગધેડાં પણ ઉઘાડાં ફરે છે. તે જેમ ભસે છે ને ભૂંકે છે તેમ તમે પણ ભાંગ અને ગાંજો ચડાવી ગમે તેમ બોલો છો, તેના કેફમાં સ્ત્રીઓ સાથે તમે મસ્ત બનીને રમો છો, તેમની પાસે પગચંપી કરાવો છો. આવો તમારો ત્યાગ એ શોભારૂપ નથી પરંતુ દૂષણરૂપ છે. માટે શાસ્ત્રો સાંભળો અને વિચારો. એટલામાં ભાદરાના રત્ના ભક્તને સમાધિ થઈ. તેના મહંતે રત્ના ભક્તની નાડી તપાસી તો નાડી બંધ હતી. છતાં રત્ના ભક્ત સમાધિમાં મહારાજનાં દર્શન કરતાં અલૌકિક ક્રિયા કરતાં હતાં. મહંતને મહારાજનો મહિમા સમજાયો. મહારાજનાં ઉપદેશ વચનો અંતરમાં ઊતરી ગયાં. તેણે મહારાજ પાસે દિક્ષા લીધી. બીજા દૈવી હતા. તેમણે પણ દીક્ષા લીધી. આસુરી ભાવવાળા હતા. તેમણે ક્રોધ કરી પાકા સીધા લીધા. કેટલાક રિસાઈને ચાલ્યા ગયા.

**મનન :** દૈવી જીવ હોય તે ભગવાન કે ભગવાનના એકાંતિક સંતના યોગમાં આવતા તેમનામાં રહેલા દૈવી ગુણોનો ઉદય થાય છે અને તેઓ સન્માર્ગે વળે છે.

૪. **અમે તમારાથી ક્યાં જુદા છીએ ? (૫/૪૨૪) પ્રસંગ :** મહારાજના અંતિમ મંદવાડ સમયે જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી આવ્યા. મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા. મહારાજનું મુખારવિંદ અને કૃશ દેહ જોઈને આંખમાં આંસુ આવી ગયાં. મહારાજે સ્વામીને કહ્યું : ‘સ્વામી ! આવી ગયા ને ? અમે નો’તું કહ્યું કે પ્રસંગ આવ્યે તમને બોલાવી લઈશું. તો બોલાવી લીધા ને ?’ મહારાજ અને સ્વામી એકબીજાની સામે જોઈ રહ્યા. એ દૃષ્ટિની અગમ્ય ભાષા મહારાજ સમજી ગયા. સ્વામીની સાથે તેમને આધ્યાત્મિક ઐક્ય હતું. છતાં આલોકના ભાવ પ્રમાણે આવતા વિરહનું દુઃખ પણ હતું. ત્યારે મહારાજે કહ્યું : ‘સ્વામી ! અમે તમારાથી ક્યાં જુદા છીએ ?’ એમ કહી મહારાજ બોલ્યા : ‘મીઠા વ્હાલા કેમ વિસરું મારું તમથી બાંધેલ તન હો, તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો.’ સ્વામી એ મહારાજના શરીરરૂપ હતા. यस्य अक्षरं शरीरं એ શ્રુતિનાં વચનો આજે મહારાજે પોતાના જ શ્રીમુખના શબ્દોમાં સાકાર કર્યા.

**મનન :** બ્રહ્મ અને પરબ્રહ્મ એક જ છે. તેઓ એકબીજાથી નોંખા નથી. મહારાજ અક્ષરબ્રહ્મ દ્વારા સદાય આ લોકમાં પ્રગટ જ છે. અક્ષરબ્રહ્મ સંત દ્વારા પ્રગટ છે. જે આજે પણ આ પૃથ્વી ઉપર બિરાજમાન છે.

૫. **આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે. (૪/૧૬૨) પ્રસંગ :** હીરાદાસ નામના સાધુ ‘સ્વામિનારાયણ’ નામ લેતા હતા તેથી બાવાઓએ આખા શરીરે ડામ દીધા હતા. તેમની વાત સાંભળીને મહારાજ વિચારમાં પડી ગયા. આ કયા પ્રકારનો ધર્મ ? કયા પ્રકારની સાધુતા ? ભારતમાં પ્રસરેલો સનાતન ધર્મ સનાતન જ છે. તેનો કદી નાશ થતો નથી. ક્ષીણ થાય છે ત્યારે ભગવાન પ્રગટ થઈ તેનું પુનઃ સ્થાપન કરે છે. પરંતુ તે સનાતન ધર્મને નામે ચરી ખાનારા એટલું નથી સમજતા કે ધર્મને અનુસરતા અનુયાયીઓ પોતાને સનાતની અર્થાત્ રાગદ્વેષથી પર આત્મભાવી ન કરી શકે તો તે ધર્મનું તેઓ અવમૂલ્યન કરી રહ્યા છે. મહારાજે કહ્યું : ‘આ સાધુની પથારી અક્ષર ઓરડી પાસે જ કરાવો. અમે તેમની સારવારમાં રહેશું.’ નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરેએ કહ્યું : ‘મહારાજ ! આપ કહેશો તે પ્રમાણે અમો તેમની સારવાર કરશું. આપને શા માટે તકલીફ લેવી જોઈએ.’ ત્યારે મહારાજે કહ્યું : ‘મને તકલીફ નથી, મને વ્યથા છે. સ્વામી ! આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે. આટલા ડામ દીધા છતાં આ સાધુએ અમારું

નામ છોડ્યું નહીં એટલે અમે હવે તેને કેમ છોડીએ ? અમે તેની પાસે જ રહેશું. તેની સારવાર કરશું. તેની વ્યથા મટશે ત્યારે જ અમારા અંતરમાં શાંતિ થશે.' સૌનાં અંતરમાં આ પ્રસંગથી એક પ્રકારની હિંમત આવી ગઈ. તેમને થયું કે મહારાજ પોતાના અર્થે દુઃખ સહન કરતા ભક્તોને આટલા વશ થઈ જાય છે, તો આપણે જગત તરફથી આવતાં દુઃખને ઠોકરે મારી ભગવાનના સુખનો અનુભવ કરવો. તેમાં જ આપણું સાચું ભક્તપણું છે, સત્સંગનું ગૌરવ છે. મહારાજની મરજી અનુસાર એ સંતની સારવાર શરૂ થઈ ગઈ. સૌ તેમની સેવા કરી મહારાજની સેવા કર્યાનો સંતોષ માનતા. **મનન :** ભગવાનને અર્થે કરેલું ક્યારે નકામું જતું નથી. અંતરમાં સ્વરૂપનિષ્ઠા દૃઢ થઈ હોય પછી તેના અંતરમાંથી તે સ્વરૂપ ક્યારેય જતું નથી.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ :પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. ભગાદોશી :** ૧. મહારાજે ભગાદોશીના કરેલા વખાણ - મારે આપને વિનંતી કરવાની કે શી આજ્ઞા છે ? ૪/૨૧૭-૨૧૮

૨. વાણિયામાં ચતુરાઈ ભગવાન પાસેથી આવી છે.- આમાં કાંઈ મહોર છાપ કે સિક્કો મારવાનો હોય ૪/૨૧૮-૨૧૯

૩. આવા સો સો પલાણ અને વસ્ત્રો ભગા દોશી પર ઘોળી નાખીએ. ૪/૪૬૭

૩. મહારાજ ભગા દોશીને જોવા બોટાદ જાય છે. - મને મરવાની બીક નથી. ૪/૪૬૮

૪. વહેવાર પ્રમાણે વર્તવું જોઈએ- હાર હું પહોંચાડી દઈશ, પરંતુ રકમ આપ મારા તરફથી સેવામાં રાખો.૫/૧૭-૧૮

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજની આજ્ઞા પાળવામાં તત્પરતા - પોતાનામાં જે કાંઈ બુદ્ધિ-ચતુરાઈ છે. તે મહારાજની આપેલી જ છે. તેમ માનતા. મરવાની બીક ન હતી. હંમેશા સેવા કરવા માટે તત્પર રહેતા.

**૨. પ્રેમાનંદ સ્વામી :** મહારાજે 'વર્તમાન વિવેક' ગ્રંથ રચવાની કરેલી આજ્ઞા ૪/૨૧૯

૨. 'વંદુ સહજાનંદ રસરૂપ ...' ના આઠ પદોની રચના - મહારાજ :'એમને સાષ્ટાંગ પ્રણામ કરીએ. ૪/૪૩૬-૪૩૭

૩. સૂરતમાં તવાયફના સંગીતમાં મહારાજની સવારીમાં પાછળ રહી ગયા - ચાંદ્રાયણ વ્રત કર્યું ૫/૪૨-૪૩

**વ્યક્તિત્વનું આલેખન :** સંગીતજ્ઞ જીવ હતા. સંતોના વર્તમાનને પણ પદોમાં આવરી લેવાની કળા - મહારાજની મૂર્તિનું સતત ચિંતવન હોવાથી 'વંદુ સહજાનંદ ... પદોની તત્કાળ રચના કરી શક્યા. સૂરતમાં નિયમ ચૂકી તવાયફના સંગીતમાં લીન થયા પણ જાણપણું આવતાં પશ્ચાત્તાપ થયો. મહારાજની આજ્ઞા અનુસાર પ્રાયશ્ચિત કર્યું.

**વિભાગ - ૩ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. વ્યવહારદક્ષ - પ્રમુખસ્વામી મહારાજ**

૧. સારંગપુર ગામનો વહીવટ સંભાળવા લોકોનો આગ્રહ - પ્રમુખ સ્થાને નિયુક્તિ - સફળ નેતૃત્વ અને વહીવટી દક્ષતાનો સમ્યક સમન્વય - જનસમાજ પાસેથી મળેલ નાણાંનો કરકસરપૂર્વક ઉપયોગ. ૧૫૧-૧૫૨

૨. કેટલ કેમ્પનું આયોજન - અક્ષરધામ' નિર્માણ ૧૫૩-૧૫૫

૩. ઈ.સ. ૧૯૬૧ સુવર્ણકળશ જયંતી, ઈ.સ. ૧૯૮૫ ગુણાતીત દ્વિશતાબ્દી વખતે પ્રવેશ દ્વારનું પુનઃનિર્માણ, ઈ.સ. ૧૯૬૫ શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ. ઈ.સ. ૧૯૬૭ યોગીજી મહારાજનો અમૃત્ત મહોત્સવ, ૧૯૮૧ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ અને અનામત આંદોલન. - ઈ.સ. ૧૯૮૫ ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવમાં વરસાદની ખેંચ,, અનામત આંદોલન. ઈ.સ. ૧૯૯૨ યોગી શતાબ્દીમાં યોગીનગરનું આયોજન. 'અક્ષરધામ' નિર્માણમાં કારીગરોને ઉત્સાહની પૂર્તિ. ૧૫૫-૧૬૨

**૨. ઘરો ઘરને પાવન કરતી અમૃતસરિતા : પ્રમુખસ્વામી મહારાજ**

૧. (૧) મણીભાઈ સલાડવાળાનો અક્ષરવાસ - મોરબીથી ઠીકરિયા - શરીરનાં દર્દોને ગણકાર્યા વગર વિચરણ અને પધરામણી (૨) નિર્જળા એકાદશી ૧૦૨ ડિગ્રી તાવમાં ૧૨૨ પધરામણી (૩) કાળઝાળ ગરમીમાં અશક્તિ છતાં સાબરકાંઠાનું વિચરણ. (૪) જામનગરમાં પગે સોજા - ડોક્ટર દ્વારા પધરામણી મોકૂફ રાખવાની વાત છતાં સ્વામીશ્રીનું પધરામણીનું કાર્ય ચાલું. ૬૯-૭૦

૨. (૧) બોસ્ટનમાં આપણું જે થવાનું હોય તે થાય હરિભક્તોને રાજી રાખવા. (૨) ડભાણથી પાછા પીપલગ રાત્રે ૧૨ વાગ્યા સુધી પધરામણી (૩) ફિલાડેલ્ફિયામાં આખી રાત પધરામણી (૪) સાબરકાંઠામાં ૨૭ દિવસમાં ૮૭ ગામો સુરતમાં ૨૦ દિવસમાં ૯૦ ગામો (૫) સાબરકાંઠામાં ભર ઉનાળે વિચરણ - ઝાડા થઈ ગયા - અશક્તિમાં પણ પધરામણીનું કાર્ય ચાલુ જ. (૬) ગજેરા, નાદરીમાં પધરામણી, નગરયાત્રા (૭) મહીકાંઠાના કોતરોમાં ચાલીને છાપરે-છાપરે સવારથી સાંજ સુધી પધરામણી. ૭૦

૩. સંસ્થાના પ્રમુખ તરીકેની કોઈ સવલતો સ્વીકારતા નહિ. ૭૧-૭૨

૪. (૧) કડી પારાયણનો પ્રસંગ - વરસતા વરસાદમાં કડી (૨) બુડાસણમાં પધરામણી. પ્રતિકૂળ સંજોગો છતાં પધરામણી ચાલુ - હરિભક્તો નિરાશ થાય તે સ્વામીશ્રીને પોસાતું નહિ. ૭૨-૭૩

૫. સ્વામીશ્રીના વિચરણની વિશેષતા - હરિભક્તોને રાજી રાખવા દેહને ગણકાર્યો નથી - જમવાનું ભાણું પાછું ઠેલીને પધરામણી - ધર્મના કે જાતિના, ગરીબ-તવંગરના ભેદભાવ વિના પધરામણી - મંદિર, મસ્જિદ, જૈન મંદિર - અગિયારી દરેક ધર્મોના ધાર્મિક સ્થાનોમાં ભાવપૂર્વક પધરામણી - આ બધું છતાં પોતાના ધર્મ-નિયમ આહ્નિક વગેરે સહેજ પણ ચૂક્યા નથી. ૭૪

**૩. બાળસનેહી : સ્વામીશ્રી**

૧. બાળકો માટે ખૂબ જ ભાવ અને પ્રેમ ૧૨૫

૨. શ્વેતાશુંને તિલક ચાંદલો કરી આપ્યો અને અરીસો ધર્યો - બાળક રાજી, સાથે પોતે પણ હસી પડ્યા. ૧૨૫

૩. બાળકો ખૂબ જ પ્રિય. તેથી તેમનામાં રસ લે. બાળકોની દરેક પ્રવૃત્તિમાં ખૂબ જ આત્મીયતાથી જોડાય ૧૨૫

૪. કાલા ઘેલા, ગાંડાધેલા પ્રશ્નો પૂછાય, ઉચ્ચારો બાળકોના કાલાધેલા ન સમજાય છતાં નિરાશ ન કરે.

૫. કોઈ બાળક ચોકઠું જોવા માંગે, કોઈ ઓપરેશન કરાવેલ કાપો જોવા માંગે તો સહજતાથી બતાવે. ૧૨૫-૧૨૬

૬. ભાવનગરમાં વીસ હજાર ભક્તોની મેદની - મોડું થયું હતું છતાં આશીર્વાદ લખી આપવાની બાળકની ઈચ્છા પૂર્ણ કરી. ૧૨૬

૭. બેંગ્લોર સ્ટેશને ઉપડતી ટ્રેનના સમયે બાળકને સહી કરી આપી. ૧૨૬

૮. બાળકનું મન સાચવી લેવાની કાળજી - રીક્ષામાં પધરામણીએ જતી વખતે બાળકના ઘેર પધારી તેની ઈચ્છા પૂરી કરી હતી. ૧૨૬

૯. સ્વામીશ્રી પોતાનું આસન ઊંચુ હોય તો બાળક માટે પોતાનું આસન નીચું કરાવે. ૧૨૭

૧૦. નાપાસ થનાર દિપક નામના બાળકને કાગળ લખીને આશ્વાસન આપ્યું. ૧૨૭

૧૧. ઉકાઈમાં સંસ્થા તરફથી ચાલતા છાત્રાલયમાં બાળકોના સ્વાસ્થ્ય માટે રાખેલ. પલંગ, પાથરણા, તેમને અપાતો ખોરાક, દૂધ બધા માટે ભલામણ કરે. ૧૨૭

૧૨. સ્વામીશ્રીનું નિર્વ્યાજ વાત્સલ્ય બાળકો પર વરસતું જ રહે છે. ૧૨૮

૧૩. સ્વામીશ્રી દ્વારા ઘડતર પામેલ બાળકો દ્વારા ઘરનાં વડીલોને સત્સંગ - વર્તનમાં પરિવર્તન - બાળકોનાં અણીશુદ્ધ વર્તનથી વડીલો પ્રભાવિત. ૧૨૮-૧૩૦

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ ૬)**

**૧. હરિભક્તો અમારું સર્વસ્વ છે.**

૧. દૃષ્ટિ ગુમાવેલા ઠાસરાના મણિભાઈ પાસે જઈ તેમના માથે હાથ ફેરવ્યો. ૫૧

૨. અમદાવાદ મંદિરમાં વૃદ્ધ નારાયણભાઈ પાસે દાદરામાં જ બેસી ખબર અંતર પૂછયા. ૫૧

૩. હાર્ટ એટેક આવેલી સ્થિતિમાં પણ આચાર્ય સ્વામી અને બે સંતોને આણંદ ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં પારાયણમાં જવાની આજ્ઞા. ૫૧

૪. ગોંડલમાં ગામડાના જૂના અને ગરીબ હરિભક્ત નાનજી આતાને નીચા નમીને પગે લાગ્યા. ૫૧

૫. શિવાભાઈ (ઓડવાળા)ને મળવા પાટ ઉપરથી ઉતરી સ્ટેજની કોરે નીચે બેસીને ખબર અંતર પૂછયા. ૫૨

૬. ભાવનગરમાં ચીમનભાઈ પટેલને ચાલીને મળવા જવા તૈયાર. ૫૨

૭. જીટોડિયામાં નિષ્ઠાવાન હરિભક્ત ઈશ્વરભાઈના અંત સમયે ત્યાં પહોંચી જઈ બળની વાતો કરી. ૫૨

૮. સાંકરીના સોમાભાઈ પટેલના નોકર લલ્લુની ખબર કાઢવા ગયા અને કોઠારી પ્રભુસ્વરૂપ સ્વામીને કરેલી ભલામણ. ૫૩
૯. કલકત્તાના રાજેન્દ્ર અજમેરાની અંતિમવિધિમાં જોડાઈ બોલ્યા. 'અમારો ને એનો આત્મા એક થઈ ગયો.' ૫૫
૧૦. મુંબઈના દોલતભાઈની માંદગી સમયે ગોંડલથી પ્લેન દ્વારા મુંબઈ પહોંચી તેઓને અંતકાળે દર્શન દીધાં. ૫૬
૧૧. પિતા પુત્રની કાળજી લે તે રીતે મુંબઈના ડૉ. યોગીન દવેની ટીકીટ અને રીઝર્વેશન કરાવ્યું. ૫૭
૧૨. ગોવિંદસિંહ ચુડાસમાના ભોજનની ચિંતા કરતા મંદિરથી ટિફિન મોકલતા. ૫૭
૧૩. સારંગપુરમાં મચ્છરોનો ત્રાસ વધતાં હરિભક્તો માટે મચ્છરદાનીની વ્યવસ્થા કરી. ૫૭
૧૪. ચાલુ ગાડીએ ડ્રાઈવીંગ કરનાર ઈન્દ્રવદનભાઈને ચટણીમાં બોળીને મેંદુવડા ખવડાવ્યા. ૫૮
૧૫. બાઢડાવાળા નારણભાઈની મોઢે માંડેલી ચામાં ખાંડ નાખીને આંગળી નાખીને હલાવીને આપી. જેમ માતાને પોતાના બાળકની પ્રકૃતિની જાણ હોય છે તે રીતે સ્વામીશ્રી સંતો-હરિભક્તોને તેમની પ્રકૃતિ પ્રમાણે ભોજન પીરસાવે. ૫૮
૧૬. પરદેશથી મંદિરોમાં ફોન કરતાં અને સૌની ખબર પૂછતાં. અમદાવાદ ગૌશાળામાં કામ કરતા રાયચંદ ભરવાડ સાથે વાત. ૫૮
૧૭. અટલાદરામાં આદિવાસી 'કીડીયા' ને પ્રેમથી બોલાવ્યો. ૫૮
૧૮. 'ભૂતનાથ' પાડાના મરણના સમાચાર સાંભળી તપોધન ભગત અને આરુણી ભગતને લખેલો આશ્વાસન પત્ર. ૫૯
૧૯. મુંબઈવાળા ત્રિગુણભાઈ ભટ્ટ અંતિમ અવસ્થામાં હતા. તેમને સ્વામીશ્રી મળી ન શક્યા તો પત્ર લખીને માફી માંગી. ૬૩

**૨. મહાનુભાવોની દૃષ્ટિએ સ્વામીશ્રી**

૧. પૂર્વભૂમિકા ૧૯૪
૨. 'તેઓ પૃથ્વીનું સત્વ છે. વિશ્વમાં રહીને વૈશ્વિક માનવતાને તેઓ સંવૃદ્ધ કરે છે.' 'અમાનિના માનદેન' અન્ય તરફથી માનની અપેક્ષા નહીં રાખતા હોવા છતાં અન્યને માન આપવાના અત્યંત આગ્રહી - સ્વામીશ્રી ચિદાનંદ સરસ્વતીજી (અધ્યક્ષ દિવ્યજીવન સંઘ) ૧૯૫
૩. ભારતને એક કરવું હોય તો તે પ્રમુખસ્વામીના નેતૃત્વ હેઠળ એક બની શકશે.- જૈનાચાર્ય શ્રી સુશીલકુમારજી ૧૯૫
૪. આપણા દેશના અતિ વિરલ આત્માઓમાં સ્વામીનું સ્થાન સૌથી ઊંચું. તેઓ ભારતીય સમાજના પ્રમુખ છે. - સ્વામી આત્માનંદજી. ૧૯૫
૫. આવું વિકસિત વ્યક્તિત્વ જ સમાજના દરેક સ્તરના માણસોને ભાવાત્મક રીતે નજદીક લાવે છે. - આચાર્ય શ્રી વિબુધેશતીર્થજી મહારાજ. ૧૯૬
૬. 'જ્યારે જ્યારે આવા સંતનું પ્રાગટ્ય થાય છે ત્યારે સમગ્ર માનવજાત ઉત્કર્ષને પામે છે.' 'જો પ્રભુની અત્યંત પ્રિય વ્યક્તિઓની એક યાદી તૈયાર કરવામાં આવે તો સ્વામીજીનું નામ એ યાદીમાં ચોક્કસપણે સૌથી પહેલું હશે.' - પૂ. વરદયતિરાજ જીઅર સ્વામી
૭. જો સમગ્ર વિશ્વ આપનું ઉદાહરણ લે તો વિશ્વ ગુના વગરનું, યુદ્ધ વગરનું અને આત્મઘાતી વલણ વગરનું સુંદરતમ્ સ્થળ બની જાય. - બોબ કપ્લાન ૧૯૬
૮. રાષ્ટ્રનિર્માણમાં ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરવો એ પાયાની બાબત છે. આ કાર્ય અક્ષરપુરુષોત્તમ સંસ્થા એટલે કે પ્રમુખસ્વામીજી કરે છે. યુવાનોનું ચારિત્ર્ય ઊંચું લાવવાના પ્રયત્નને હું રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કહું છું. - શ્રી નાની પાલખીવાળા. ૧૯૭
૯. આ સંસ્થાનું આયોજન જોયા પછી હું ખૂબ પ્રભાવિત થયો છું. સ્વામીજીની આ સિદ્ધિ જોતાં મારી જે કાંઈ સિદ્ધિઓ છે, તે મને કંઈ જણાતી નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે. - ડૉ. કુરિયન ૧૯૭

**૩. અનન્ય સમાજસુધારક**

૧. સ્વામીશ્રીની દૃષ્ટિએ સમાજ સેવા અને સુધારણાની ક્ષિતિજો. સમાજ સેવાના કાર્યમાં દેહનો સંપૂર્ણ અનાદર. ૧૩૨
૨. અનેક ક્ષેત્રોમાં મૂઠી ઊંચેરી કામગીરી. - બધા ક્ષેત્રોમાં બધી સમસ્યાઓ હલ કરવાને પુરુષાર્થ - આ ગજા બહારની વાત. ૧૩૩

૩. (૧) વ્યક્તિ સુધારણાથી સમાજની પ્રગતિ. (૨) મોરબી ડેમ (ઈ.સ. ૧૯૭૯) ૧૩૪
૪. ઈ.સ. ૧૯૮૭ કેટલ કેમ્પ, દુષ્કાળ રાહત કાર્ય. ૧૩૫
૫. ઈ.સ. ૧૯૭૫ સૌરાષ્ટ્ર દુષ્કાળ, ઈ.સ. ૧૯૭૭ આંધ્રમાં સમુદ્ર હોનારત, ઈ.સ. ૧૯૮૩ રાજકોટ વિસ્તારમાં અતિવૃષ્ટિ - ફૂડપેકેટ. ૧૩૫
૬. (૧) ઈ.સ. ૧૯૮૯માં અમેરિકાના ભયંકર ટોર્નેડો (વાવાઝોડું) (૨) ઈ.સ. ૧૯૮૫ અનામત આંદોલન, કોમી રમખાણ. ૧૩૬
૭. (૧) યુવકની વેરની આગ બુઝાવી તેના મિત્રોને નિર્વ્યસની કર્યા. (૨) મુંબઈના શ્રીમંત કુંટુંબમાં સુખદ સમાધાન. (૩) માતા-પુત્રમાં પુત્રને શિખામણ. ૧૩૭
૮. (૧) કુમાર્ગે જતાં યુવાનને સન્માર્ગ (૨) દહેજ નાબૂદી (૩) ૬૯માં જન્મદિને વ્યક્તિઓએ પ્રતિજ્ઞા લીધી - ૧૯૯૦માં યુવા અધિવેશનમાં ૨૦,૦૦૦ યુવકોને દહેજ ન લેવાની પ્રતિજ્ઞા લેવડાવી. ૧૩૮-૧૩૯
૯. (૧) સમૂહ લગ્નના હિમાયતી (૨) કેળવણી ક્ષેત્રે પણ યુવકો, બાળકોના ઘડતર માટે શાળાઓ, છાત્રાલયો વગેરેની સ્થાપના. ૧૪૦
૧૦. ભારતીય સંસ્કાર અને ભાષાનો ફેલાવો. ૧૪૧-૧૪૨
૧૧. વૃક્ષારોપણ, ઈ.સ. ૧૯૮૧ જ્ઞાતિભાવની સંકુચિતતાની નાબૂદી. ૧૪૨
૧૨. અસ્પૃશ્યતા નિવારણ - આદિવાસી ઉત્કર્ષ. ૧૪૩
૧૩. વ્યસન મુક્તિના આગ્રહી - વ્યસન મૂકાવવા માટે અથાગ પરિશ્રમ કરે. ૧૪૪-૧૪૭
૧૪. વ્યક્તિગત માર્ગદર્શક (અનેક પ્રસંગોએ આપેલ છે.) ૧૪૭-૧૫૦

**૪. નિર્માની પ્રમુખસ્વામી મહારાજ**

૧. જ્યારે પ્રમુખપદે નિમાયા ત્યારે જ વાસણ ઉટકવા બેસી ગયા. ૮૩
૨. નૈરોબી એરપોર્ટ પરથી જ પાછા મુંબઈ કોઈ ક્ષોભ નહિ. ઉપરથી હાસ્યરસની છોળો. ૮૩
૩. દરેકને નમે - નમવાથી મોટપ ઘટતી નથી. - સેવક રહેવાની જ આકાંક્ષા. ૮૪
૪. લંડનમાં શ્રી પરમારના કડક શબ્દોના પત્રનો પણ ખૂબ સાલસતાથી જવાબ. ૮૪
૫. સુર્વણતુલાને દિવસે જ સાંજે થયેલ અપમાન પણ પચાવી લીધું. - જમાડીને એ ભાઈને મોકલવાની આજ્ઞા. ૮૪-૮૫
૬. ગોંડલમાં અન્ય સંપ્રદાયના સંતો ગાદી પર બિરાજ્યા હતા. તો પોતે નીચે સંતો સાથે બેસી ગયા. ૮૫
૭. અહં શૂન્ય (૧) બગડેલી મોટરને ધક્કા (૨) સંડાસની ગંદકી સાફ કરવી (૩) કલકત્તામાં પૂરી વણવા બેઠા (૪) ગોંડલના રોટલી (૫) પ્રગટ ભગતના ધોતિયાં ધોયાં (૬) પ્રગટ ભગતની બે રૂપિયાની ટીકીટ માટે ટ્રેઈનમાં ડબ્બે ડબ્બે ફર્યાં. ૮૬
૮. સૌરાષ્ટ્રમાં એક મોટા તીર્થધામમાં સ્વામીશ્રી દર્શનાર્થે - ગેરસમજને કારણે તિરસ્કારભર્યા શબ્દોથી અપમાન - સ્વામીશ્રી સ્મિત સાથે પાછા ફર્યા. ૮૬
૯. પોતાનું ગાદલું ગોદડું અન્યને આપી દેવું - તેમના શબ્દો સહન કરવા. ૮૭
૧૦. ઝેર આપવાનો પેંતરો રચનારને પણ વૃધ્ધાવસ્થા સુધી સાચવવા - જેલમાં મોકલવાની ધમકી આપનારને પ્રત્યે પણ ઉદારતા સાચવવી તે જ નિર્માનીપણાની પરાકાષ્ટા - પંચ વર્તમાનનું લોહીના લય સાથે જ વહેવું તે આ જ - લોહીમાં જ પંચ વર્તમાન વણાયેલ છે. ૮૭

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)**

> **નોંધ : ૨ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **મોજીદડના રામભાઈને ભગવું ગાતરિયું ઓઢાડ્યું. (૧૬૭) પ્રસંગ :** મોજીદડના રામભાઈને કેન્સર હતું. સ્વામીશ્રીના અંતિમ દર્શન કરવાની તેમની ઈચ્છા હતી. આ વાતની જાણ થતાં જ સ્વામીશ્રી તેમને ત્યાં ગયા. ત્રણ દિવસ તેમની સાથે રહ્યા. ત્રીજા દિવસે સ્વામીશ્રીએ કહ્યું : 'તમે આ લોકનું અને પરલોકનું બેય કર્યું છે. હવે ઠાકોરજીમાં વૃત્તિ રાખજો.' ઉત્તરાયણ પછી મહારાજ ધામમાં લઈ જશે. પોતે બે મહિનાથી ઓઢતાં હતાં. તે ભગવું ગાતરિયું તેમને ઓઢાડતાં કહે 'હવે આપણે આજથી ભગવું ઓઢી લીધું છે. હવે વ્યવહાર અને સંસારથી વિરક્ત થયા. ભજન કરવું. મહારાજ ધામમાં લઈ જશે.' કહી વિદાય થયા. ઉતરાયણ પછી દસમા દિવસે રામભાઈએ કુટુંબીઓને બોલાવી ધૂન કરાવી, પેલું ગાતરિયું. આખા શરીરે ફેરવી, માથે બાંધી પોતે ધૂન બોલીને કહ્યું : 'હવે મહારાજ ધામમાં લઈ જશે.' વળતી સવારે રામભાઈ ધામમાં ગયા. ગામના મુકુન્દભાઈ તથા પીતાંબરભાઈ મિસ્ત્રીનાં પત્ની અને ઘનશ્યામભાઈનાં દીકરીએ સવારે વાત કરી કે રામભાઈને લેવા માટે મહારાજ અને સ્વામી આવ્યા હતાં એવાં એમને રાત્રે દર્શન થયાં હતાં.

**મનન :** 'અંતકાળે મારાં જનને લેવા જરૂર જાવું રે...' મહારાજ અને સ્વામીશ્રીએ પોતાનું 'અંતકાળના બેલીનું' બીરૂદ જાળવીને રામભાઈની અંતિમ ઈચ્છા પૂરી કરી અને અંતકાળે લેવા પણ પધાર્યા.

૨. **નારાયણદાએ ભક્તચિંતામણિની કથા સંભળાવી. (૪૩-૪૪) પ્રસંગ :** શાસ્ત્રીજી મહારાજ સારંગપુર બિરાજતા હતા. ત્યારે એમને વાની તકલીફ વધી ગઈ. ઘણી દવા કરી પણ મટ્યું નહિ. એક દિવસ એમણે કહ્યું : 'જો નારાયણદા આવી જાય ને ભક્તચિંતામણિ સંભળાવે તો મટી જાય.' આ ખબર સ્વામીશ્રીને અટલાદરામાં મળ્યા. તેઓ તરત જ નીકળી પડ્યા. મોડી રાત્રે ટ્રેન પકડી. ટ્રેનના દરવાજા કોઈ ખોલે નહીં. અમદાવાદ સુધી ૧૦૦ કિલોમીટરનું અંતર ફૂટબોર્ડ ઉપર લટકતાં પસાર કર્યું. વરસાદની ઝડી, કોલસાની ઝીણી ભૂકી આંખોમાં ભરાતી હતી. અમદાવાદથી ભાવનગરની ટ્રેન વરસાદના કારણે બંધ હતી. આથી વિરમગામ, સુરેન્દ્રનગર થઈ સાંજે ચાર વાગે બોટાદ સ્ટેશને ઉતરી કેડ સમાં પાણીમાં નાળાં પસાર કરતાં નીકળી પડ્યા. રસ્તો ભૂલ્યા તો એક ભરવાડે બતાવ્યો. આમ તેર કિલોમીટર ચાલીને સારંગપુર શાસ્ત્રીજી મહારાજની રૂમમાં પ્રવેશ્યા. સ્વામીશ્રીને જોતાં જ 'અહોહો ! તમે ક્યાંથી ? કહી શાસ્ત્રીજી મહારાજ એમને એમ ભીના કપડે ભેટી પડ્યાં.

**મનન :** 'ગુરુહરિ માટે શું ન થાય ?' સ્વામીશ્રીએ પોતાના કાર્યથી ઉત્તમ શિષ્યનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. શાસ્ત્રીજી મહારાજ માટેની તેમની ભક્તિ પણ આ પ્રસંગથી જણાય છે.

૩. **પ્રયાગમાં વાવડીના હરિભક્તોની સંભાળ. (૬૧) પ્રસંગ :** પાંડુરંગ શાસ્ત્રીજીએ પ્રયાગમાં યોજેલા 'તીર્થરાજ મિલન'માં સ્વામીશ્રી હાજરી આપવા ગયા હતા. સ્વામીશ્રીનો ઉતારો પંચાયતી મહાનિવાર્ણી અખાડામાં હતો. એકાદશીના દિવસે સ્વામીશ્રી ફરાળ કરીને બેઠા હતા. ત્યાં સૌરાષ્ટ્રના વાવડી ગામના ત્રણ હરિભક્તો સ્વામીશ્રીના દર્શને આવ્યા. એ વખતે પ્રયાગમાં પૂર્ણકુંભનો મેળો ચાલતો હતો. એમાં સ્નાન કરવાનો તેમનો હેતુ પણ હતો. સ્પેશ્યલ બસના ઓર્ગેનાઈઝરે પ્રવાસીઓના ભોજનની વ્યવસ્થા કરવાની હતી પણ તેણે એ જવાબદારી નિભાવી ન હતી. તીર્થરાજ મિલનમાં પણ ભોજનની વ્યવસ્થા નહોતી. આ હરિભક્તો ચાર દિવસનું ભાથું સાથે લાવેલા તે પણ પૂરું થઈ ગયું હતું. ચણા-મમરા ફાકી ચલાવતા હતા. આજે એકાદશી હોવાથી ફરાળ ક્યાંથી કરવું ? વાતચીતમાં તેમની સઘળી વીતક કથા સંભળાવી. સ્વામીશ્રીએ ધર્મચરણ સ્વામીને ઈશારાથી બોલાવીને ફરાળની તપાસ કરવા જણાવ્યું પણ ફરાળ વધ્યું ન હતું. હરિભક્તો બીજા સંતોને મળવા ગયા. ત્યારે સ્વામીશ્રીએ એક સંતને આદેશ આપી દિલ્હીથી લાવેલા નાસ્તામાંથી ઠાકોરજી જેટલો કાઢી લઈને બાકીનો બધો જ નાસ્તો આ હરિભક્તોને આપી દેવાની આજ્ઞા કરી. હરિભક્તોને ઘેર સુધી ચાલે. પ્રયાગમાં સગવડ ન હોવાથી સંતો સ્વામીશ્રી માટે દિલ્હીથી થેપલાં, ચેવડો વગેરે નાસ્તો માટે જે હતું. તે બધું જ સ્વામીશ્રીએ આ હરિભક્તોને અપાવી દીધું.

**મનન :** હંમેશા હરિભક્તોના દુઃખે દુઃખી સ્વામીશ્રી પોતાની કોઈપણ જાતની પરવા કર્યા વગર હરિભક્તોના દુઃખો દૂર કરવામાં પોતાનાથી બનતા બધા જ પ્રયત્નો કરતા. 'કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય. દયા આણી રે, અતિ આકળા થાય.'

૪. **રામસંગ બાપુ ભક્ત થયા. (૧૭૧-૧૭૨) પ્રસંગ :** ઓદરકાના રામસંગ બાપુ માથાભારે ટોળીના સરદાર - બંદૂકના ભડાકે ધાર્યું કામ કરે. એક વખત એક જારકર્મીને રાંઢવાથી ઘોડા સાથે બાંધીને ઘસડતો કરેલો. કોઈની હિંમત વચ્ચે પડવાની ન ચાલી. અનેક કૂકર્મોથી ભરપૂર જીવન - પોલીસ પણ એમને કશું કરી ન શકે. સ્વામીશ્રીની

પધરામણી તેમને ત્યાં થઈ. સ્વામીશ્રીના યોગમાં આવ્યા. તેમણે આ બધું છોડી દીધું. રોજ એકાવન માળા કરે, ભગવાનની મૂર્તિને ફૂલ ચઢાવે, રવિસભામાં નિયમિત હાજરી આપે. કથાવાર્તા વંચાવે, પોતે દરબાર તેથી હથિયાર રાખે પણ ઉપયોગ ન કરે. કોઈએ કરેલ ઈજા સહન કરે પણ પોતે હિંસા ન કરે. પોતે પાકા સત્સંગી બન્યા અને મિત્રોને પણ સત્સંગી બનાવ્યા.

**મનન :** સુધરવાની વૃત્તિ દરેકમાં રહેલી છે. તેથી રામસંગ બાપુને સ્વામીશ્રી જેવા સંતનો યોગ થયો અને જીવનપરિવર્તન થયું. આવું કઠિન કાર્ય સ્વામીશ્રી જેવા નિર્દોષ અને પરોપકારી સંત જ કરી શકે. ભગવાનની સહાય તેમને આવા પ્રસંગે મળે જ છે.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિકત્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવા.**

૧. **આ દેહથી શું ન થાય રે, પ્રમુખસ્વામીને કાજે :** (૧) ભગવાન સ્વામિનારાયણે આપણને મનુષ્યદેહ આપ્યો. ભરતખંડમાં આપણો જન્મ અને સત્સંગ ઓળખાયો, ગુરુની ઓળખાણ થઈ અને પ્રગટ સત્પુરુષની ઓળખાણ - આપણે ખૂબ જ ભાગ્યશાળી - આપણા જેવું ભાગ્યશાળી બીજાને માનવું તે જ ભૂલ. (૨) આપણા ઈષ્ટદેવ અને ગુરુ પરંપરા અને વર્તમાનકાળે સ્વામીશ્રીએ અનંત કષ્ટો સહન કર્યાં છે. વનવિચરણમાં ઈષ્ટદેવે આડો આંક વાળી દીધો. સ્વામીશ્રીએ પણ વિચરણ, પધરામણીમાં અનેક કષ્ટો સહન કર્યા છે. કોના માટે ? પોતાના શિષ્યો માટે, સંતો માટે, હરિભક્તો માટે - હરિભક્તો જ સ્વામીશ્રીનું સર્વસ્વ છે. (પ્રસંગો લખવા) (૩) સ્વામીશ્રી, ગુરુ, ઈષ્ટદેવે તો અનેક કષ્ટો વેઠ્યાં. આપણે તેની કથાઓ પણ સાંભળી હશે. આપણે શું કરવાનું છે ? તો આજ્ઞા-ઉપાસનાની દૃઢતા કરવાની છે. શિક્ષાપત્રી તેમજ બીજી આજ્ઞાઓ અને સ્વામીશ્રીએ વર્તમાનકાળે આપેલ આજ્ઞાઓ ઝીલી તે પ્રમાણે જીવન જીવવાનું છે. ઉપાસના સ્વરૂપ નિષ્ઠા દૃઢ કરવાની છે. (૪) સ્વામીશ્રી માટે સમર્પણ, તન, મન, ધનનું - સ્વામીશ્રી ના સ્વાસ્થ્ય માટે ધૂન, માળા, પ્રાર્થના વગેરે કરવાનું છે. - સ્વામીશ્રીને મળવાનું કે ભીડો પડે તેવું સહેજ પણ વર્તન આપણે કરવાનું નહિ. આ બધું આપણે કરી શકવાને સક્ષમ છીએ. (પ્રસંગો લખવા) (૫) દેહ તો સત્સંગ માટે ખાસડાં જેવું - જેમ ગુરુએ કર્યું તેવું દેહ કરી રહેવાનું છે. માન-અપમાન ન લાગે, થાક ન લાગે, સહનશક્તિ આવે. તેથી જ કહ્યું છે કે, 'આ દેહથી શું ન થાય રે, પ્રમુખસ્વામીને માટે ?' સ્વામીશ્રીએ આપણા માટે કષ્ટો સહન કર્યાં. હવે તેમને રાજી કરવા માટે તેમના ગમતામાં આપણે રહેવાનું છે. તેમનું ઋણ તો આપણે અનંત જન્મો સુધી ચૂકવી શકીએ તેમ નથી છતાં પણ તેમનામાં નિર્દોષબુદ્ધિ રાખી સેવા, આજ્ઞાપાલન કરીએ તો સ્વામીશ્રી રાજી છે. (૬) પણ આ બધું ક્યારે થાય ? જો ભગવાન અને સંતનો મહિમાએ સહિત નિશ્ચય હોય તો તેમને માટે શું ન થાય ? રાજ્ય, ધન, સ્ત્રી, સુખનો ત્યાગ, કુટુંબનો ત્યાગ થઈ શકે. કોઈ પણ વસ્તુ ગુરુની કૃપા થાય તો અશક્ય નથી. (પ્રસંગો લખવા) (૭) ઉપસંહાર : આવો આપણે સૌ સંપ, સુહૃદભાવ અને એકતા રાખીને સ્વામીશ્રીના માટે દેહ કુરબાન કરી દઈએ અને આ દેહથી શું ન થાય તેની પ્રતીતિ કરવા માટે કટિબદ્ધ થઈએ અને સ્વામીશ્રીને રાજી કરી શકીએ. અત્યાર સુધી સ્વામીશ્રીએ આપણને રાજી કર્યાં છે, જે સુખ આપ્યું છે હવે આપણે તેમને રાજી રાખવાના છે. તે બધું આ દેહે જ કરવાનું છે. સ્વામીશ્રી માટે શું ન થાય ?

૨. **B.A.P.S. સત્સંગ સમાજ : એક સિદ્ધાંત, એક ગુરુ, એક રુચિ :** (૧) B.A.P.S. એટલે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા - આપણો સત્સંગ સમાજ - દરેક સમાજ અથવા સંસ્થાનું એક સંગઠન હોય, સિદ્ધાંત હોય અને તેનો નેતા હોય. B.A.P.S. સત્સંગ સમાજનો પણ એક સિદ્ધાંત એક ગુરુ અને એક સંગઠન. **(૨) સિદ્ધાંત :** B.A.P.S. સત્સંગ સમાજનો એક જ સનાતન સિદ્ધાંત અક્ષરરૂપ થઈને પુરુષોત્તમનારાયણની ભક્તિ કરવી - આ સનાતન સિદ્ધાંત પર સંસ્થાની પ્રત્યેક પ્રવૃત્તિ - આ સિદ્ધાંત લઈને જ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ દ્વારા વરતાલ સંસ્થામાંથી બહાર નીકળીને B.A.P.S..ની સ્થાપના - કોઈપણ સ્થળ હોય, એટલે કે દેશ-પરદેશમાં દરેક સ્થળે આ જ સિદ્ધાંતનું પાલન અને દૃઢીકરણ - સંસ્થાના સિદ્ધાંતમાં ક્યાંય બાંધછોડ નહીં. અક્ષરપુરુષોત્તમ ઉપાસના

એટલે ભગવાનને કર્તા સમજવા, સર્વોપરી સાકાર અને પ્રગટ સમજવા. ઉપાસનાનો આ સિદ્ધાંત અનુસાર સર્વે સંતો - હરિભક્તો સ્વરૂપનિષ્ઠાની દૃઢતા રાખે અને આ જ રીતે ભક્તિ કરીને અક્ષરધામના અધિકારી બને. તે માટે આ સિદ્ધાંતના દૃઢ પાલનનો પણ ગુરુહરિ દ્વારા આગ્રહ. જે સંસ્થાએ સિદ્ધાંતને જ પ્રાધાન્ય આપ્યું તે સંસ્થા પ્રગતિના પંથે - તેનો વિનાશ નથી - પરંતુ સિદ્ધાંતમાં બાંધછોડ તેમજ તેમાં ફેરફાર કરે છે તે સંસ્થા પતનના આરે (પ્રસંગો લખવા) આજે આપણી સંસ્થા શતાબ્દિ ઊજવીને વિકાસની હરણફાળ ભરે છે તેનું કારણ સનાતન સિદ્ધાંત અને તેનું દૃઢ પાલન. **(૩) એક ગુરુ :** B.A.P.S. સંસ્થામાં એક ગુણાતીત ગુરુનું જ ભજન - મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને વર્તમાનકાળે સ્વામીશ્રી સુધી જે સમયમાં જે ગુરુ હયાત હોય તેમની આજ્ઞાનું પાલન - તેમની ભક્તિ એક જ ઇષ્ટદેવ - એક જ પ્રગટ ગુરુને જ અનુસરવાનું - ગુરુપરંપરામાં આવતાં ગુરુની આજ્ઞા, ગુરુની ભક્તિ કરવાની પરંતુ ગુણાતીત ગુરુને મૂકીને કોઈપણ અન્ય ગુરુને માનવા નહિ તે આ સંસ્થાના સંતો-હરિભક્તોની ગુરુભક્તિ. (પ્રસંગો લખવા) પતિવ્રતાની ભક્તિ, પતિવ્રતની ટેકના પ્રસંગો લખી શકાય. વચનામૃત, સ્વામીની વાતો, શ્લોક, સાખી, કીર્તન વગેરે લખી શકાય. **(૪) એક રુચિ :** એક રુચિવાળા બે હોય તો પણ તે લાખો જેટલા છે એમ સ્વામી કહે છે તો પછી આપણી બધાની એક રુચિ હોય તો કેટલા ભક્તો થાય ? આ સત્સંગનો વિકાસ એક રુચિને આભારી - કોઈપણ હરિભક્ત - દરેકની એક જ રુચિ સ્વામીશ્રીને રાજી કરવાની - ભગવાન અને સંતનો રાજીપો મેળવવાના પ્રસંગો લખવા. **(૫) ઉપસંહાર :** આમ, આપણો B.A.P.S. સત્સંગ સમાજ એક સિદ્ધાંત, એક ગુરુ અને એક રુચિ ધરાવનાર, શ્રદ્ધા અને વિશ્વાસથી આ રીતે સત્સંગ - સંત સમાગમ કરી ભગવાનને રાજી કરી અક્ષરધામના અધિકારી થવા માટે સાધનામાર્ગે કદમ ભરનાર સમાજ.

૩. **ઉપનિષદોમાં નરતનુધારી અક્ષરબ્રહ્મ :** **(૧)** પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ આ લોકમાં અવતાર ધારણ કરે છે ત્યારે મનુષ્યદેહ ધારીને (એટલે કે 'નરતનુધારી') પધારે છે. સાથે સાથે મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણ માટે સાથે અક્ષરબ્રહ્મને પણ નરતનુ ધારણ કરાવીને પોતાની સાથે લઈ આવે છે. આ વાત આપણાં શાસ્ત્રોમાં પ્રતિપાદિત થતી રહી છે. (૨) ઉપનિષદોમાં નરતનુધારી અક્ષરબ્રહ્મ : तदेजति એ અક્ષરબ્રહ્મ અવતરે છે - ઈશાવાસ્ય ઉપનિષદ શુકલ યુર્જવેદનો એક ભાગ - આ ઉપનિષદમાં પરબ્રહ્મની સાથે અક્ષરબ્રહ્મનાં સ્વરૂપ, ગુણ, ઐશ્વર્યો વગેરેનો ઉપદેશ - (ઇશાવાસ્ય ઉપનિષદ-૫) મંત્રમાં કહેવામાં આવ્યું છે तदेजति એટલે एजति નો અર્થ ગતિ કરવી, જવું, અવતરવું. પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ બંને મુમુક્ષુઓનાં કલ્યાણ માટે જ્યાં મુમુક્ષુઓ વસે છે તે લોકમાં અવતરે છે એવો આ મંત્રનો અર્થ - મનુષ્યના કલ્યાણ માટે અક્ષરબ્રહ્મ સજાતીય એટલે કે મનુષ્યરૂપે શરીર ધારણ કરીને આવે છે. આ કારણથી આપણો અધ્યાત્મ પથ સરળ બને, આનંદમય બને છે. (૩) वरिष्ठ प्रजानाम् – પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ પરમ વરણીય બને છે. - અર્થવવેદમાં આવેલા મુંડક ઉપનિષદના મંત્રોમાં પણ નરતનુધારી અક્ષરબ્રહ્મનો મહિમા - અંગિરા અને શૌનક ઋષિના સંવાદ દ્વારા આ મહિમા - અંગિરાજીના ઉપદેશ મંત્રના શબ્દો आविः एजत पाणन्निमिषच्च यदेतज्जानव..... वरेण्यं परं विज्ञानाद् वरिष्ठं प्रजानाम ..... तदेतद अक्षरं ब्रह्म । मुंडकोपनिषद २/२/१,२ आविः કહેતાં તે અક્ષરબ્રહ્મ આર્વિભૂત થાય છે. અનેક આત્માઓના ઉદ્ધાર માટે તે તે બ્રહ્માંડોમાં મનુષ્યરૂપ ધારી પ્રગટ થાય છે અને તે અક્ષરબ્રહ્મ एजत કહેતાં ગતિ કરે છે, ચાલે છે, વિચરણ કરે છે. प्राणत કહેતાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે. અનંત આત્માઓની આત્યંતિક મુક્તિ માટે દિવ્ય જીવન ધારી રાખે છે. निमिषत કહેતાં તે અક્ષરબ્રહ્મ આંખો પણ પટપટાવે છે, જુએ છે. આપણે સજાતીય થવા માટે માનવદેહ ધરીને આપણી જેમ જ જોવું, બોલવું, ચાલવું, જમવું વગેરે સહજ ક્રિયાઓ કરે છે. આ અક્ષરબ્રહ્મ મુમુક્ષુઓ માટે वरेज्यम એટલે કે વરણીય છે. સર્મપિત થવા યોગ્ય છે. प्रजानां वरिष्ठम કહેતા સર્વ દેહધારીઓ માટે સર્વોત્કૃષ્ટ વરણીય, પ્રાર્થનીય અને શરણાગતિનું સર્વોચ્ચ સ્થાન. જેને તેને સમર્પિત ન થવાય, જેને તેને પ્રાર્થના ન કરાય, જેવા તેવાની શરણાગતિ ન લેવાય. શરણાગતિ માટે તો નરતનુધારી અક્ષરબ્રહ્મ પાસે જવું પડે. સાચા મુમુક્ષુઓ માટે સાચું સમર્પણસ્થાન આ લોકમાં પધારેલ અક્ષરબ્રહ્મ. (૪) यः सर्वज्ञः सर्वविदः પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મની સર્વજ્ઞતા : અક્ષરબ્રહ્મ સર્વોત્કૃષ્ટ વરણીય શા માટે ? તો એના જવાબરૂપે અહીં એક શબ્દ સંભળાય છે विज्ञानात् વિજ્ઞાન એટલે સાક્ષાત્કાર. પ્રત્યક્ષ અનુભૂતિ. સર્વની સર્વકાલીન, સર્વાંગ સંપૂર્ણ અને યથાર્થ પ્રત્યક્ષાનુભૂતિ. અક્ષરબ્રહ્મ બધું જાણે છે. જીવ, જગત, જગદીશને જાણે છે. બંધન અને તેનાં પરિણામો જાણે છે. બંધનથી મુક્તિનાં સાધન જાણે છે. સાધના અનુષ્ઠાનની પદ્ધતિ, કયા મુમુક્ષુએ કઈ સાધના કરવી, કયો મુમુક્ષુ કઈ સાધના કરી શકશે ? વગેરે બધું જ તેઓ પ્રત્યક્ષપણે જાણે છે. તેથી જ અંગિરા ઋષિ પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મની આ વિશેષતાં ગણાવતાં બોલી ઊઠ્યા છે કે અક્ષરબ્રહ્મ સર્વજ્ઞ છે, બધું જાણે છે,

એમનો આ મહિમા લોકમાં પ્રસદ્ધિ છે. મુંડકઉપનિષદ-૨/૨/૭ તેઓ જેવું અને જેટલું જાણે છે તેવું અને તેટલું આ સંસારમાં કોઈ જાણતું નથી. તેમણે ક્યાંયથી માહિતી મેળવવાની જરૂર નથી. અનુમાન કરવાની પણ તેમને જરૂર રહેતી નથી. ટૂંકમાં મનુષ્યરૂપે વિચરતું અક્ષરબ્રહ્મ બ્રહ્મવિદ્યાનું મૂર્તિમાન સ્વરૂપ છે. તેથી જ આપણા સૌ માટે શરણાગતિનું સર્વોત્કૃષ્ટ સ્થાન. **(૫)** પ્રત્યક્ષ અક્ષરને જ આત્મા જાણો. અક્ષરબ્રહ્મને ઓળખીને તેમની સાથે જોડાવા પર અંગિરા ઋષિ ભાર મૂકે છે. હે વહાલા શિષ્યો ! બીજી બધી વાતો મૂકો અને એકમાત્ર આ અક્ષરબ્રહ્મને જ તમારો આત્મા જાણો (મુંડક ઉપનિષદ ૨/૨/૫) આ જ આજ્ઞા, આદેશ છે, સૂચન નથી. પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરવાનો આદેશ. અક્ષર સંગાથે આત્મબુદ્ધિનો આદેશ. તેમનામાં ઓતપ્રોત થવાનો આદેશ. 'હું અક્ષર છું, બ્રહ્મ છું' આ મનુષ્યરૂપે વિચરતું અક્ષરબ્રહ્મ મારું સ્વરૂપ એમ નિરંતર અનુસંધાન કરવાનો આદેશ છે. દૃઢ પ્રસંગ કરવાનો આદેશ અને આગ્રહ પણ - બીજી વાતો કરવામાં રખેને આ અક્ષરબ્રહ્મ નયનગોચર થઈ આપણાં સૌની વચ્ચે વિચરે છે તે સમજવાનું રહી જાય તેવી દહેશત છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આ અગત્યનાં આદેશ આત્મબુદ્ધિ જેવી કોઈ સાધના નથી, સિદ્ધિ પણ નથી. કોઈ મુક્તમાં પણ આત્મા જોડાય નહિ તેમ ચોખ્ખો વિવેક સમજાવ્યો છે. **(૬)** બ્રહ્મ જ સાચા ગુરુ : બ્રહ્મવિદ્યાના સાચા ગુરુ કરવાની વાત આવી ત્યારે મુંડક ઉપનિષદમાં અક્ષરબ્રહ્મને જ યાદ કર્યા છે. મહર્ષિ અંગિરા કહે છે બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર પામવા માટે શ્રોત્રિયમ એટલે કે સર્વ શાસ્ત્રોનાં રહસ્યોનો સાક્ષાત્કાર ધરાવતા હોય અને પોતે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હોય, પરબ્રહ્મમાં નિત્ય સ્થિતિ, નિષ્ઠા ધરાવતાં હોય. વિશેષ વાત અહીં કરી છે કે ગુરુને અક્ષરબ્રહ્મ સમજવા કહ્યું નથી પણ અક્ષરબ્રહ્મને જ ગુરુ સમજવા. આનો અર્થ એ કે મનુષ્યરૂપે વિચરતા અક્ષરબ્રહ્મ સિવાય બીજા કોઈને ગુરુ થવાનો અધિકાર જ નથી - બ્રહ્મભાવ પામેલા - પરબ્રહ્મનો સાક્ષાત્કાર પામેલા મુક્તને પણ નહીં. બ્રહ્મવિદ્યા પામવાની આ શાસ્ત્રીય વ્યવસ્થા બ્રહ્મવિદ્યા માટે એક જ - ગુરુ 'અક્ષરબ્રહ્મ' બીજાને ગુરુ કરાય જ નહિ - બ્રહ્મવિદ્યાનો સાક્ષાત્કાર એટલે અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર, પરબ્રહ્મનો સાક્ષાત્કાર. આ સાક્ષાત્કાર પામે તેને બ્રહ્મસ્થિતિનો અનુભવ. આ સાક્ષાત્કાર પામવા માટે અક્ષરબ્રહ્મને ઓળખ્યા વિના છૂટકો જ નથી. તેમનામાં આત્મબુદ્ધિ કર્યા વિના છૂટકો જ નથી પણ અક્ષરબ્રહ્મ શક્તિશાળી, માયાથી પર, સ્વભાવોથી વશ નથી પણ સ્વભાવો તેમને વશ છે. આ નયનગોચર અક્ષરબ્રહ્મ અમૃતમય પરબ્રહ્મને પામવાનો સેતુ (મુંડક ઉપનિષદ ૨-૨-૫) બંને કિનારા વચ્ચેનું માધ્યમ પરબ્રહ્મ સાથે મેળવી દેવાનો સેતુ. આપણને માયામાંથી ડૂબતા બચાવે છે - સંસાર પાર કરી પરમાત્માનો મેળાપ. કઠોપનિષદમાં યમરાજાએ નચિકેતાને આવી જ વાત સમજાવી છે. यः सेतुरीदानानाम् अक्षरं ब्रह्म यत परम् । अभयं तितीषतां पारं नचिकेतं शकेमहि (कठोपनिषद ३-२) શ્વેતાશ્વેતર ઉપનિષદમાં આ જ સિદ્ધાંત એક જુદા દૃષ્ટાંતથી સમજાવવામાં આવ્યો છે. ત્યાં કહ્યું છે बहमांडुपेन प्रतरेत विद्यान श्रोतासि सर्वाणि भयावहानिः। અર્થાત્ બુદ્ધિશાળી મનુષ્યે અક્ષરબ્રહ્મરૂપી નૌકાનો આશરો લઈ આ ભયંકર માયાના પ્રવાહને તરી જવું (શ્વેતાશ્વર ઉપનિષદ ૨-૮) **(૭)** ઉપસંહાર : આમ, મનુષ્ય દેહધારીને આપણા સૌની વચ્ચે વિચરતા અક્ષરબ્રહ્મનો મહિમા ઉપનિષદોમાં ખૂબ ઘૂંટાયો છે.

❑ ❑ ❑